**વંચાણે લીધા:** પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૧૯/૨૦૨૪, તા.૧૦/૮/૨૦૨૪.

# જાહેરનામું

**પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/૨૦/૨૦૨૪, તા.૧૨/૮/૨૦૨૪**

હું, જી.એસ.મલિક, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને મળેલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અંતર્ગત મળેલી સત્તા અન્વયે તા.૧૩/૮/૨૦૨૪ ના રોજ અમદાવાદ શહેરમાં વિરાટનગર ચાર રસ્તા અ.મ્યુ.કો. પુર્વ ઝોનથી કુવારા સર્કલથી ડાબી બાજુ ઉત્તમનગર ખોડીયાર મંદિરથી જમણી બાજુ વળી કોઠીયા હોસ્પીટલ થઇ કેનાલ ક્રોસ કરી ખોડીયાર નગર નિકોલ સુધીના વિસ્તારમાં **'હર ઘર તિરંગા'** અંતર્ગત તિરંગા યાત્રા નિકળવાની છે. જે અનુસંધાને આમજનતા વચ્ચે વાહનોની અવર-જવર અને ટ્રાફીક પ્રવાહ સરળતાથી પસાર થાય તે માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં વિરાટનગર ચાર રસ્તા અ.મ્યુ.કો. પુર્વ ઝોનથી કુવારા સર્કલથી ડાબી બાજુ ઉત્તમનગર ખોડીયાર મંદિરથી જમણી બાજુ વળી કોઠીયા હોસ્પીટલ થઇ કેનાલ ક્રોસ કરી ખોડીયાર નગર નિકોલ સુધીના વિસ્તારમાં તા.૧૩/૮/૨૦૨૪ ના રોજ **'હર ઘર તિરંગા'** અંતર્ગત તિરંગા યાત્રા નિકળવાની છે. જે અનુસંધાને નીચે જણાવેલ માર્ગ/વિસ્તાર પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગની વિગત | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | ગરીબનગર ચાર રસ્તાથી પુર્વ તરફ વિરાટનગર પુર્વ ઝોન ની કચેરી તથા વિરાટનગર પુર્વ ઝોન ની કચેરી થી પુર્વ તરફ કુવારા સર્કલ થી પુર્વ તરફ ગોકુલ પાર્ક AMTS બસ સ્ટેન્ડ સુધીનો માર્ગ ૨.૩૦૦ કિ.મી સુધીનો સંપુર્ણ માર્ગ બંધ રહેશે. | ગરીબનગર ચાર રસ્તા થી ઉત્તર તરફ થી બાપુનગર ચાર રસ્તા થી જમણી બાજુ પુર્વ તરફ ખોડીયાર નગર ચાર રસ્તા તરફ જઇ શકાશે. |
| ૨. | શ્યામ શિખર તરફ થી ઉત્તમનગર તરફ જતો આવતો ઠક્કરનગર બ્રીજ સંપુર્ણ તથા ઠક્કરનગર બ્રીજ નીચે ઠક્કરનગર ચાર રસ્તા થી પુર્વ તરફ ઉત્તમનગર થઇ કેનાલ ક્રોસ કરી જીવનવાડી થઇ ખોડીયાર મંદિર નિકોલ સુધી તથા ઉત્તમનગર થી દક્ષિણ તરફ બેટી બચાવો સર્કલ થઇ કુવારા સર્કલ સુધીનો આશરે ૩.૭૦૦ કિ.મી સુધીનો માર્ગ બંધ રહેશે. | ઠક્કરનગર બ્રીજ નીચે ચાર રસ્તા થી ઉત્તર તરફ હિરાવાડી BRTS બસ સ્ટોપ થી બજરંગ આશ્રમ થઇ વીજય પાર્ક BRTS બસ સ્ટોપ પહેલા ના વાછાણી ફર્નીચર કટ થી જમણી બાજુ પુર્વ તરફ ફોન વાલે સર્કલ થઇ સરદાર ચોક થઇ કેનાલ ક્રોસ કરી છત્રપતી શિવાજી સર્કલ થઇ બાપા સીતારામ ચોક થઇ નીકોલ ઓઢવ રીંગરોડ તરફ જઇ શકાશે. |
| ૩. | બહુચર ચોકથી ખોડીયાર મંદિર નિકોલ સુધીનો આશરે ૫૦૦ મીટર સુધીનો માર્ગ બંધ રહેશે. | બહુચર ચોકથી જમણી બાજુ પુર્વ તરફ પાંડવ વાડી થઇ સુરભી ફ્લેટ-૨ ત્રણ રસ્તા થી જમણી બાજુ દક્ષીણ તરફ સુરભી ફ્લેટ ત્રણ રસ્તા થી ડાબી બાજુ |

| | | |
|---|---|---|
| | | પુર્વ દિશા તરફ રામરાજ્ય ચોક થઇ જમણી બાજુ વળી દક્ષીણ દિશા તરફ કાનબા હોસ્પીટલ ચાર રસ્તા થી નિકોલ ઓઢવ તરફ જઇ શકાશે. |

**અપવાદ :** સદર કાર્યક્રમ સાથે સંકળાયેલ વાહનો, ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનો તેમજ આકસ્મિક સંજોગોમાં વાહન સાથે અવર-જવર કરનારને આ જાહેરનામું લાગું પડશે નહી.

તેમજ પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફિક/ ૧૯/ ૨૦૨૪,તા.૧૦/૮/૨૦૨૪ થી પ્રસિદ્ધ કરેલ જાહેરનામું યથાવત રહેશે.

## -: જાહેરનામાની અમલવારીની વિગત :-

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને આવતીકાલ **તા.૧૩/૮/૨૦૨૪ ના રોજ કલાક ૧૧.૦૦ વાગ્યાથી કાર્યક્રમ પુર્ણ ન થાય ત્યાં સુધી** કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૨/૮/૨૦૨૪ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર અમદાવાદ શહેર

તા.૧૨/૮/૨૦૨૪
અમદાવાદ શહેર

**( જી.એસ.મલિક )**
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર
(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઇન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બેરેક નં-૦૩,આંબાવાડી પોલીટેકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટેન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર

(૧૬) ખાસ/સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક, ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં. ( E-mail : gogpress-vad@gujarat.gov.in )
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા,પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂં.